# રાષ્ટ્રીય મત્સ્યખેડુત દિન ની ઉજવણી

ક્ષેત્રીય સંશોધન કેન્દ્ર આઇ.સી.એ.આર.-સીફા, આણંદ અને કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજના સહયોગથી તારીખ ૧૦ જુલાઇ, ૨૦૧૫ના રોજ અનીકેત ખેડુત છત્રાલય, આણંદ ખાતે “રાષ્ટ્રીય મત્સ્યખેડુત દિન” ની ઉજવણી કરવામાં આવી હતી, જેમાં આણંદ અને ખેડા જીલ્લાના મત્સ્યઉછેર કરતાં ખેડુતો, વૈજ્ઞાનીકો, અધિકારીઓ, કર્મચારીઓ તેમજ વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે સમારંભમાં ઉપસ્થિત મહાનુભાવોમાં ડૉ એન.સી. પટેલ, માન. કુલપતિશ્રી, આણંદ કૃષિ યુનિવર્સીટી, આણંદ; શ્રી એન. આર. પટેલ, નાયબ મત્સ્યોદ્યોગ નિયામક્શ્રી, ગાંધીનગર; ડૉ. કે. બી. કથીરીયા, સંશોધન નિયામક્શ્રી, આ.કૃ.યુ., આણંદ; ડૉ. એ. એમ. ઠાકર, આચાર્ય, વેટરનરી કોલેજ, આ.કૃ.યુ., આણંદ; ડૉ. સુજાતા ભટ્ટ વડા, બાયોસાયન્સ વિભાગ, એસ.પી. યુનિવર્સીટી; ડૉ. આર.વી. બોરીચાંગર, સહ પ્રાધ્યાપક, નવસારી કૃષિ યુનિવર્સીટી, નવસારી; શ્રી જે. એચ. મુનીયા, નાયબ મત્સ્યોદ્યોગ નિયામકશ્રી, આણંદ અને શ્રી એસ. ડી. રાઠોડ, ફીશરીઝ સુપ્રીટેન્ડન્ટ, દાહોદ ઉપસ્થિત રહ્યા હતા.

સૌ પ્રથમ ડૉ. જી.જી. પટેલ, પ્રોગ્રામ કો ઓર્ડિનેટર, કે.વી.કે., દેવાતજે કાર્યક્રમમાં ઉપસ્થિત મહાનુભાવો, ખેડુતો, વિદ્યાર્થીઓ અને ભાગ લેનાર સૌનું હાર્દિક સ્વાગત કર્યુ હતુ તથા કાર્યક્રમની વિગત આપી હતી.

પ્રાસંગીક ઉદબોધનમાં સીફાના ડૉ સી. કે. મીશ્રાએ રાષ્ટ્રીય મત્સ્યખેડુત દિનની અગત્યતા સમજાવતા કહ્યુ હતું કે પ્રેરીત પ્રજનન તકનીક દ્વારા સફળતાપુર્વક બીજ ઉત્પાદન કરવાની સિધ્ધીએ ભારતમાં નીલ ક્રાંતી લાવવામાં મહત્વની ભુમીકા ભજવી જેનાથી મત્સ્ય ઉત્પાદનમાં પણવધારો લાવી શકાયો. આ પ્રસંગે ડૉ કે. બી. કથીરીયાએ ખેડુતોને ગુજરાતમાં રંગબેરંગી માછલીઓની સારી માંગ હોવાથી તેના પ્રજનન અને ઉછેર પર વધુ ધ્યાન કેંન્દ્રીત કરવા જણાવ્યું હતું

આણંદ કૃષિ યુનિવર્સીટીના માન. કુલપતિશ્રી ડૉ. એન. સી. પટેલે રંગબેરંગી માછલીઓનો ઉછેર અને માછલીના મુલ્યવર્ધનનું મહત્વ સમજાવ્યું હતું જેનાથી મત્સ્યખેડુતો વધુ આવક મેળવી શકે. કાર્યક્રમના મુખ્ય મહેમાન શ્રી એન. આર. પટેલે ગુજરાતમાં મીઠાપાણીની માછલીઓનો ઉછેર, કાર્પનું પ્રજનન કરી ઉચ્ચ ગુણવત્તાવાળા મત્સ્યબીજનું ઉત્પાદન લેવા તેમજ માછલીના મુલ્યવર્ધનની અગત્યતા સમજાવી ખેડુતોને પ્રોત્સાહીત કર્યા હતા.

આણંદ અને ખેડા જીલ્લાના સાત મત્સ્યખેડુતોને સન્માનીત કરવામાં આવ્યા હતા તેમજ ગુજરાતીમાં બે માર્ગદર્શક પુસ્તિકાનું વિમોચન કરવામાં આવ્યું હતુંપ્રગતિશીલ ખેડુતોએ પોતાના અનુભવો વૈજ્ઞાનીકો, વિદ્યાર્થીઓ અને અન્ય ખેડુતો સમક્ષ વર્ણવ્યા હતા.

કાર્યક્રમના બીજા તબક્કામાં ડૉ. સી. કે. મીશ્રાએ સીફા વિષે તથા તેના દ્વારા વિકસાવવામાં આવેલ તકનીકોની માહિતી આપી હતી. ડૉ. સુજાતા ભટ્ટે મછલીના વિકાસ અને સારી તંદુરસ્તી માટે ખોરાક અને પોષણની અગત્યતા સમજાવી હતી. બપોર બાદ શ્રી પ્રશાંતભાઇ જયસ્વાલના મત્સ્યઉછેર ફાર્મ પર મુલાકાત ગોઠવવામાં આવી હતી, જેમાં ખેડુતો અને વિદ્યાર્થીઓને જુદી જુદી માછલીના બિયારણ, એફ. આર. પી. કાર્પ હેચરી અને તેની કામગીરી, રંગબેરંગી માછલીના ઉછેર એકમો, નર્સરી તથા ગ્રો આઉટ તળાવોની સમજણ તથા માર્ગદર્શન પુરુ પાડવામાં આવ્યું હતું

કાર્યક્રમનું સંચાલન શ્રી અજીત ચૌધરી સાયંટીસ્ટ, ક્ષેત્રીય સંશોધન કેન્દ્ર, સીફા, આણંદ અને શ્રી જે. એચ, ભટ્ટ, વિષય નિષ્ણાંત (ફીશરીઝ), કે. વી.કે., દેવાતજ દ્વારા કરવામાં આવ્યું હતું







